

# ખોઈ ગૈયા તેરી

થોડાક દિવસ પહેલાં એક ભજન સાંભળ્યું, જેના શબ્દો આ પ્રમાણે હતા:

તુમ ઢૂંઢો મુઝે ગોપાલ
મૈં ખોઈ ગૈયા તેરી,
તુમ સુધ લો નંદલાલ
મૈં ખોઈ ગૈયા તેરી,
યમુના તટ ના, બંસીવટ ના,
ગોપી ગ્વાલ દિસે નહિ કોઈ,
અબ સાંજ ભઈ નંદલાલ
મૈં ખોઈ ગૈયા તેરી.

કૃષ્ણાવતારમાં ગાયનું મહત્ત્વ વિશેષ હતું. એક અબોલ-અબુધ પ્રાણી ગાય કૃષ્ણના પ્રેમમાં તરબોળ હતી. કૃષ્ણ એક વાર ગાયોને લઈ ચરાવવા ગયા ત્યારે એક ગાય એના ટોળામાંથી વિખૂટી પડી ગઈ. આથી તે કૃષ્ણને પોકારે છે કે કૃષ્ણ મને શોધી લે. હું તારી એક ગાય તારાથી ખોવાઈ ગઈ છું. વિખૂટી પડી ગઈ છું. તું મને શોધી લે.આ ભજન-ગીતના રચયિતા કોણ છે નથી. હે માધવ, હું તને જોવા-મળવા સમર્થ નથી. આથી તું મને શોધી કાઢ. તું આવીને મને મળ એમ ખોવાયેલી ગાય કૃષ્ણને વિનંતી કરે છે, પોકાર કરે છે. ‘‘તુમ સુધ લો નંદલાલ’’, શબ્દોમાં માધવને કરેલો આર્ત પોકાર સંભળાય છે, અનુભવાય છે.

જીવ શિવને જોવા, સમજવા, મળવા તડપે છે પણ તે શિવને જોઈ, સમજી, જાણી શકતો નથી. પછીની પંક્તિમાં તે કહે છે કે યમુના તટ કે બંસી વટમાં પણ કોઈ ગોપી-ગોવાળ દેખાતાં નથી અને તેથી તેની વ્યાકુળતા વધી જાય છે. આપણે થોડાક જણ સાથે મળીને ક્યાંક જઈએ અને આપણા સાથીઓથી છૂટા પડી જઈએ ત્યારે આપણી આંખ આપણાં સાથીઓને શોધવા નિરખવા આતુર બની થાય છે તેવી જ રીતે ગાય યમુનાતટ કે બંસીવટ સૂના ભાસે છે તેથી તે વધારે મુંઝાય છે.

છેલ્લી પંક્તિઓમાં જીવની-ગાયની વ્યાકુળતા તીવ્રતાથી પ્રગટ થઇ છે. કૃષ્ણને પોકારતાં

> જીવને જીવનસંધ્યાએ પરમાત્માની સ્મૃતિ તીવ્ર બને છે. તેને જીવનભર પરમાત્માનું કોઇ સ્મરણ, ભક્તિ ન કર્યાં તેનું ભાન થાય છે. વસવસો થાય છે ને તે પરમાત્માને શરણે જવા તત્પર થઇ ઊઠે છે પણ એમ જીવનભર ઇશ્વરથી વિમુખ રહ્યા પછી અંતકાળે પરમાત્માની સ્મૃતિ અસ્તિત્વમાં સતેજ બને તેટલા માત્રથી પરમ તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. આથી જીવ પરમાત્માને પોકારે છે

તેની મને ખબર નથી પણ જેમણે આ ગીત ગાયું છે તે ખૂબ જ ભાવસભર છે. તેનો અર્થ ઘણો ગહન છે. અધ્યાત્મસભર છે. તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. અહીં ‘ગાય’ શબ્દ પ્રાણીના અર્થમાં તો છે જ પણ સાથે સાથે તે જીવનું પણ પ્રતીક છે એવું મારું માનવું છે. ભવાટવીમાં અટવાતા - અટવાયેલા જીવને સમયના-કાળના એક તબક્કે ભાન થાય છે કે હું તો શિવથી વિખૂટો પડી ગયો છું. જીવ શિવને શોધવા ઘણા પ્રયાસો કરે છે, ફાંફાં મારે છે પણ શિવનું મિલન થતું નથી કારણ કે તેનાં અનેક અસત્ કર્મો એક પડદો બની સામે ઊભા રહી ગયા છે. વળી તેનાં સત્કર્મો, સ્મરણ, શરણાગતિના પ્રભાવે અને પ્રતાપે તેને ભાન થાય છે કે હું તો ઈશ્વરથી વિખૂટો પડી ગયો છું તેમ છતાં તે શિવને જોવા-શોધવા પ્રયાસ કરે છે પણ શિવ દેખાતો નથી અને તે પોકારી ઊઠે છે:

તુમ મુઝે ઢૂંઢો ગોપાલ
મૈં ખોઈ ગૈયા તેરી.

હે માધવ, હું તારી ગાય છું. ખોવાઈ ગઈ છું. તું ક્યાં છે? તું મને શોધી લે.હું તને શોધી શકતી નથી. તને જોઈ શકતી નથી. મળી શકતી

**માધવ મલ્હાર**
તપન ત્રિવેદી

પોકારતાં સાંજ ઢળી ગઇ છે. આથી કૃષ્ણના મિલનની આશા છૂટતી જાય છે અને તેથી તેની વ્યાકુળતા પણ વધતી જાય છે. એ જ રીતે જીવને જીવનસંધ્યાએ પરમાત્માની સ્મૃતિ તીવ્ર બને છે. તેને જીવનભર પરમાત્માનું કોઇ સ્મરણ, ભક્તિ ન કર્યાં તેનું ભાન થાય છે. વસવસો થાય છે ને તે પરમાત્માને શરણે જવા તત્પર થઇ ઊઠે છે પણ એમ જીવનભર ઇશ્વરથી વિમુખ રહ્યા પછી અંતકાળે પરમાત્માની સ્મૃતિ અસ્તિત્વમાં સતેજ બને તેટલા માત્રથી પરમ તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. આથી જીવ પરમાત્માને પોકારે છે કે પોતે તો તેને મળી શકે, જોઇ-જાણી, સમજી શકે એમ નથી. તેથી હવે તું સ્વયં મને આવીને મળ.

તારા દર્શન આપ. જીવન સંધ્યાએ થતી દર્શનની વ્યાકુળતા ઘણી તીવ્ર હોય છે કારણ કે જીવને આત્મપ્રતીતિ થાય છે કે શિવમાંથી છૂટો પડેલો હું આ જીવ શિવની સ્મૃતિથી વેગળો-અળગો થઇ ગયો તેનો આ પશ્ચાત્તાપ છે અને એ પણ કંઇ નાનીસૂની વાત નથી. આપણે પણ માધવને પોકારીએ, તુમ મુઝે ઢૂંઢો ગોપાલ, મૈં ખોઈ ગૈયા તેરી.

# માનવ ધર્મનું પાલન ભક્તિનું ઉત્તમ સ્વરૂપ

આ સપ્તાહમાં વિક્રમ સંવત 2081 કાળની ગર્તામાં ખાટી-મીઠી યાદો સાથે વિલીન થઈ જશે અને સંવત 2082 નવી આશા અપેક્ષાઓ તકો અને પડકારો સાથે પ્રારંભ થશે. નૂતન વર્ષના પર્વની ઉજવણીના ઉત્સાહ, ઉમંગમાં વ્યક્તિ અવનવા સંકલ્પો કરવા પ્રેરાય છે. જે વીતી ગયું તે ભલે વીતી ગયું પરંતુ હવે નવા વર્ષથી તબિયત સાચવીશું, જીવનશૈલી સુધારીશું, ભક્તિ વધુ કરીશું, વધુ નાણાં કમાવા યોજના કરીશું વગેરે વગેરે પરંતુ સમય વિતવા સાથે સંકલ્પોમાં વિકલ્પો, છટકબારી, બહાનાબાજી, સમયનો અભાવ જેવા કારણો આગળ ધરે છે. મનમાં દુઃખ અનુભવે છે પણ સવાલ દાનતનો છે. સંકલ્પ કે નિયમ એવા લો કે જેનું તમે પાલન કરી શકો નહિતર મનમાં આત્મદ્રોહની ભાવના જન્મશે.

**ધર્મ મર્મ**
શ્રીજીવ વ્યાસ

વિકાસની તકો સાથે અનેક પડકારોનો સામનો કરવામાં માનવી હાંફી જાય છે. વધતી જતી બેકારીને કારણે આપઘાતના, ગુનાખોરીના બનાવો વધતા જાય છે. જળવાયુ પ્રદૂષણને કારણે પ્રાકૃતિક સમતુલા ચિંતાજનક રીતે ખોરવાઈ રહી છે. તાજેતરમાં જ દેશ અને દુનિયાએ તેનો અનુભવ કર્યો છે. આપણી આસપાસ અને દેશમાં બનતી ઘટનાઓ ક્યાંકને ક્યાંક પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણને સ્પર્શે છે તે અંગે લાચારી કે પલાયનવાદનું વલણ અપનાવવું સામાજિક દૃષ્ટિએ અને ઈશ્વરની દૃષ્ટિએ પણ અયોગ્ય છે. પર્યાવરણ જાળવણી, અપમૃત્યુ

> પ્રભુને મેળવવાનો પ્રયાસ કરવા કરતાં ભૂખ્યાને ભોજન, બીમારની સારવાર, અભણને જ્ઞાન, તરસ્યાને પાણી, જરૂરતમંદને વસ્ત્ર આપવાની નાનીમોટી સેવા નિયમિતરૂપે કરતા રહેવાથી ભગવાન તમને શોધતા આવે

નિવારણ માટે સમજાવટ, સહાનુભૂતિ, સલાહ, સહકાર થકી પાત્રતા ધરાવતા વ્યકિત સમાજસેવા કરી શકે.

અનેકવિધ પરેશાનીઓથી ઘેરાયેલો માણસ ધર્મને, ભગવાનને શરણે જાય છે પરંતુ તિલક, માળા, પૂજન, અર્ચન તીર્થયાત્રા, વ્રત, બાધા આખડી એટલે ધર્મ ભક્તિ એવો સંકુચિત અર્થ નથી બાહ્ય ભક્તિના આડંબરમાં સ્વાભાવિક માનવીય કર્તવ્ય ભુલાઈ જાય છે. જીવ માત્ર પ્રત્યે માનવતાથી વર્તવું, બીજાનું દુઃખ દૂર થાય તે માટે યથાશક્તિ સહયોગ આપવો, સંકટ સમયે એકતા દર્શાવી પડખે રહેવું વગેરે.

રાષ્ટ્રસંત શ્રી તુકડોજી મહારાજે ખૂબ માર્મિક કહ્યું છે કે, ‘સેવા કરો જડ-જીવ કી, વિદ્યા પઢાવો અજ્ઞ કો, સબ જીવ મે સમતા કરો, યદિ માનતે સર્વજ્ઞ કો, મૈ હી ભલા, મેરા ભલા, એસા જહાં પર કર્મ હે, વહ કર્મ તો કુછ હે નહીં. ઉપકાર હરદમ કિજિયે, પીડા ન કિસકો દિજિયે, યહ ધર્મ હૈ સબ કે લિયે, સબ શાસ્ત્ર મત સુન લિજિયે, સબ-સંત કા મત હે યહી હર જીવ કી કરના દયા, સો હી પુરુષ ઇસ લોક મેં સત ધર્મ સે મોટા ભયા.’

મંદિરે દર્શને ગયા, કલાકો સુધી સેવા પૂજા કરવી ભક્તિ કરવી ખોટી નથી પરંતુ અનિવાર્ય કામ પડતા મૂકીને દેવને ધૂપ, દીપ, પાઠથી ખુશ કરવા પ્રયત્ન કરવાથી પ્રભુ પ્રસન્ન નહીં થાય. આ રીતે પ્રભુને મેળવવાનો પ્રયાસ કરવા કરતાં ભૂખ્યાને ભોજન, બીમારની સારવાર, અભણને જ્ઞાન, તરસ્યાને પાણી,જરૂરત મંદને વસ્ત્ર આપવાની નાની મોટી સેવા નિયમિત રૂપે કરતા રહેવાથી ભગવાન તમને શોધતા આવે. કેમકે આવા ‘જન’ જ ‘જનાર્દન’ છે. નિસ્વાર્થ ભાવે સેવા કરવાથી તમને તો આત્મસંતોષ થાય જ સાથોસાથ જેમને સેવા મળવાથી રાહત થઈ હોય તેની દુઆ મળે. દુઆમાં પણ ખૂબ શક્તિ રહેલી હોય છે.બાળક, વૃદ્ધ,બિમારની સેવા સારવારમાં ધૈર્ય, સહનશીલતા અનિવાર્ય છે. ગુસ્સો કરવાથી કે અધિરાઈ થી કરવામાં આવેલી સેવા ફળતી નથી.નિષ્ઠાપૂર્વક આપણે આપણા કર્તવ્યનું પાલન કરીએ પછી તે પારિવારિક હોય, સામાજિક હોય કે વ્યવસાયિક હોય એ પણ ભક્તિ જ છે. જીવનમાં ભક્તિ અને સેવાનો સમન્વય કરીએ તો સંતોષ અને ઈશ્વરી કૃપા પ્રાપ્ત થાય. ભક્તિમાં સમય ઓછો વધતો ચાલે પરંતુ નાની પણ



રોજની એક નિષ્કામ સેવા કરવાનો સંકલ્પ નૂતન વર્ષે કરવો જોઈએ.દરેકે પોતાનો ‘સ્વધર્મ’ બજાવવો હિતાવહ છે. સ્વધર્મ એટલે આપણે જે ધર્મ પાળીએ છીએ તે નહીં પરંતુ એક વ્યક્તિ તરીકે, પિતા તરીકે,પુત્ર તરીકે, પતિ તરીકે કે જે કોઈ વ્યવસાય,રોજગારમાં જે કોઈ આચરણ કર્મ કરવાના હોય તે પ્રામાણિકતાથી, નિષ્ઠાપૂર્વક કરીએ તે ‘સ્વધર્મ’ કહેવાય માનવ તરીકે માનવ ધર્મ બજાવીએ તે પણ ભક્તિ જ છે એટલે જ પ્રાર્થના છે કે,‘હે પ્રાર્થના! ગુરુદેવ સે યહ સ્વર્ગમય સંસાર હો,અતિ ઉચ્ચતમ જીવન બને પરમાર્થમય વ્યવહાર હો’ ‘ઈદં ન મમ’.

